ટોલનાકા પર છુટા રૂપિયાનાં મામલે ધીંગાણું : ૨૫ ઘાયલ

લવારપુરના એક ફળીયાના છોકરાઓને સાળંગપુર દર્શન કરાવીને ટ્રકમાં પરત ઘરે લવાઈ રહ્યા હતા : ટોલટેક્ષના સંચાલકોએ ગાળાગાળી કરીને ૧૦ થી ૧૫ વર્ષના બાળકો પર પણ લોખંડની પાઈપો અને ધોકા વિઝ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા લવારપુર ગામના એક ફળીયાના બાળકોને સાળંગપુર હનુમાનજી મંદિરે ગામનાં આગેવાન દર્શન કરવા લઈ ગયા હતા. ટ્રકમાં સાંજના અરસામાં પરત ફરી રહ્યા હતા ત્યારે સનાથલ ચોકડી પાસે સ્થિત ટોલટેક્ષ પ્લાઝા ખાતે ટેક્ષના રૂપિયા ચુકવતી વખતે છુટા રૂપિયાની લેતી-દેતીમાં બોલાચાલી થયા બાદ ટોલટેક્ષના સંચાલકો અને ગાર્ડ લાઠી અને ધોકા તથા પાઈપો લઈને ટ્રકમાં બેસેલા તમામ બાળકો તથા આગેવાન પર તુટી પડ્યા હતા અને ઢોર માર મારી ફરાર થઈ ગયા હતા. ઘાયલ થયેલા ૨૫ જણાને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. લવારપુર ગામના હસમુખભાઈ બાબુભાઈ પટેલની ફરીયાદને આધારે પોલીસે અજાણ્યા ૨૫ થી ૩૦ શખ્સો સામે ગુનો દાખલ કરી સીસી ટીવી કેમેરાના ફુટેજને આધારે આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરના લવારપુર ગામમાં રહેતા હસમુખભાઈ બાબુભાઈ પટેલ તેમના ફળીયાના ૨૫ જેટલા બાળકોને લઈને સાળંગપુર હનુમાન મંદિરે દર્શન કરવા ટ્રકમાં લઈ ગયા હતા. દર્શન કરીને તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે સનાથલ ટોલટેક્ષ પ્લાઝા પર બેઠેલા કર્મચારીએ ટેક્ષના રૂપિયા લીધા બાદ છુટા રૂપિયા આપવા જેવી નજીવી બાબતે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. કર્મચારીને હસમુખભાઈ સમજાવવા ટ્રકમાંથી ઉતર્યા તો કેબીનમાંથી લોખંડની પાઈપ લઈને તે બહાર આવ્યો. લોખંડની પાઈપ વિંઝવા ગયો કે તરત જ ટ્રકમાં સવાર ૧૦ થી ૧૫ વર્ષના બાળકો ટ્રકમાંથી ઉમટી ગયા અને પાઈપ પકડી લીધી હતી. તેટલામાંથી ટોલટેક્ષના સિક્યુરીટી ગાર્ડ સહિત તેમના ૨૫ જેટલા માણસોને બોલાવી લેવાતા લાકડી, ધોકા અને લોખંડની પાઈપો લઈને માણસો આવી પહોંચ્યા હતા અને મારઝુડ કરીને તમામ ફરાર થઈ ગયા હતા. ઘાયલ થયેલા બાળકો સહિત ૨૫ જણાને ગાંધીનગરની હાઈટેક હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા છે. હસમુખભાઈએ તમામ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સરખેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવતા પોલીસે ટોલનાકાના સીસીટીવી કુટેજ મંગાવી આરોપીઓ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

સુવાવડી સ્ત્રી માટે બત્રીસું કાટલું લાભદાયી છે

ગાંધીનગર, તા.૧૧

સુવાવડી મહિલાઓ અને તેના બાળકને પૂરતા પ્રમાણમાં પોષણ મળી રહે તે માટે આપણે ત્યાં પારંપરિક રીતે કાટલાના લાડુ પ્રસુતા સ્ત્રીને ખવડાવવામાં આવે છે અનેક આર્યુવેદ ઔષધોથી સભર આ કાટલા અંગે ગાંધીનગરના શ્રીમતી નીતા હિતેષ રાવલ સંશોધન કરી રહ્યા છે. જે વડીલ બહેનોને કાટલા અંગેની જાણકારી તેઓ આ જાણકારી નીતા રાવલને ફોન નં. ૯૪૨૮૭ ૩૪૪૭૩ અથવા ઈમેલ **nita_raval65@yahoo.co.in** પર મોકલી શકે છે ને આપણી પરંપરાનો ભાગ બની શકે છે.

આપણા ગુજરાતની સંસ્કૃતિ ઘણી જ વૈભવશાળી અને ભાતિગળ છે. આ સંસ્કૃતિની રચનામાં અનેરૂ ઉંડાણ અને અનુભૂતિનો રણકો છે. જુદા જુદા ધાર્મિક રિવાજો, કલા, સાહિત્ય, લોકગીતો, વાનગીઓ, સ્વાસ્થ્યની જાળવણી જાણે કે એની ગળથુથીમાં જ પરોવાઈ છે.

સુવાવડીઓ માટે આપણે ત્યાં ઘણી વાનગીઓ બને છે. જેમાં સૂંઠ, કોપર, ગંઠોડા, સૂવાદાણા, ગુંદ,ગોલ અને ઘીનો મુખ્યત્વે ઉપયોગ થાય છે તેમજ સૂકો મેવો પણ ખવડાવવામાં આવે છે. જેથી માતા અને ધાવણીયા બાળકને પૂરતા પ્રમાણમાં પોષણ મળી રહે.

એવી જ એક વાનગી છે કાટલાના લાડુ, જેમાં કાટલુ પાવડર ભેળવીને પાક બનાવવામાં આવે છે. આ કાટલુ પાવડર બત્રીસા તરીકે પણ ઓળખાય છે. જે શિયાળામાં બનતા પાકમાં પણ ઉમેરવામાં આવે છે.

કાટલુ પાક ઘણી રીતે લાભદાયક છે. તેનાથી માતાને ધાણ ઘણું સારું આવે છે તેની શારિરીક અને માનસિક સ્થિતિ પૂર્વવત બને છે. તેમાં રહેલી ઘણી ઔષધિઓ રોગપ્રતિકારક હોવાથી માતા અને બાળકને રોગપ્રતિકારક શકિત મળે છે અને તે માતા અને બાળક માટે આરોગ્યવર્ધક છે. જે પાચકાગ્નિ પ્રદિપ્ત કરે છે અને માતાની ઉંઘનું નિયમન કરે છે.

કાટલામાં ૩૦ જાતની ઔષધિઓ હોય છે જે જુદી જુદી રીતે ઉપયોગી છે. આ બધી ઔષધિએ આજે આર્યુવેદિક ઔષધિઓ તરીકે પ્રમાણિત થયેલ છે અને તેમાંની અમુક હવે ન્યુટ્રાસ્યુટિકલ્સ તરીકે પણ સ્વિકારાય રહી છે આ ઉપરાંત કાટલામાં વપરાતા ઘી ગોળ અડદનો લોટ-ઘઉંનો લોટ વગેરે પણ પૌષ્ટિક છે. અને તે સુવાવડીની માતા દ્વારા બનાવાય છે તેથી વિશેષ સંભાળ દ્વારા બને છે. તે તાજુ બનાવીને ખવાય છે અથવા બનાવીને રાખી શકાય અને ઘણા દિવસો સુધી ઉપયોગમાં લઈ શકાય છે તેથી તે ખાવામાં સુગમ રહે છે વળી તે સ્વાદિષ્ટ પણ હોય છે.

> **પ્રસુતા મહિલાને અપાતુ કાટલુ અંગે રીચર્સ કરી રહેલા ગાંધીનગરના શ્રીમતી નીતા હિતેષ રાવલ : વડિલ બહેનો કાટલા અંગેના રીસર્ચમાં જોડાઈ શકે છે**

આજના જમાનામાં વજન વધવાના ડરને કારણે સુવાવડીને વધારે પડતું ઘી ખાવાની ના પાડવામાં આવે છે. ચેતવણીનો ઘણીવાર અતિરેક થાય છે. પરંતુ કાટલામાં રહેલી ઔષધિઓના ગુણ અને તેનું પ્રમાણ તેનામાં રહેલા ઘીને પણ ફાયદાકારક બનાવી દે છે વળી કાટલું રોજ માત્ર ૧ ચકતું જ ખાવાનું હોવાથી તેમાં રહેલ ઘીનું પ્રમાણ ખોરાકની જરૂરીયાત મુજબનું જ રહે છે.

આમ આપણી આ સામાન્ય લાગતી પરંપરા બહુ લાભકારી છે આજના કુપોષણના સમયમાં આપણે જ્યારે જાણીએ છીએ કે કુપોષણના મૂળ નવજાત અવસ્થાથી જ રોપાય છે. તેથી પરંપરાનો લાભ લેવા નવેસરથી વિચારવું જરૂરી લાગે છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી વી. સી. શુકલના નિધન પર શોક વ્યક્ત કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૧૧

છતીસગઢના સુકુમામાં નકસલી હુમલામાં ઈજા પામેલા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી વી.સી. શુકલના આજે ગુડગાંવની એક હોસ્પિટલમાં થયેલા નિધનના સમાચાર જાણી ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ઉંડા દુઃખ અને શોકની લાગણી વ્યકત કરી છે. તેમના શોક સંદેશમાં રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રી શુકલ વરિષ્ઠ રાજનીતીજ્ઞ, કર્મઠ જનસેવક અને કુશળ પ્રશાસક હતા. વિવિધ કેન્દ્રીય મંત્રાલયો મંત્રી પદે રહી તેમણે પ્રશંસનીય સેવાઓ આપી હતી. ઈશ્વર દિવંગતના આત્માને ચિરશાંતિ પ્રદાન કરે અને તેમના શોક સંતપ્ત પરિવારજનોને આ ઉંડા આઘાતને સહન કરવાની શકિત આપે તેવી રાજયપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

રાજકોટમાં વડીલોનું સન્માન કરાયું

રાજકોટ, તા. ૧૧

રાજકોટ જીવનનગરમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન જાથા-જીવનનગર વિકાસ સમિતિએ વડીલોનું સન્માન કર્યું હતું. વડીલો માટે માતૃમંદિર તેમજ પિતૃમંદિર બનાવવા પડશે.

મંત્રીઓ-અધિકારીઓ આજથી જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલય સૂમસામ

ગાંધીનગર, તા.૧૧

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે મંત્રીઓ અને સનદી અધિકારીઓ આવતીકાલથી જિલ્લાના પ્રવાસે જનાર હોઈ સચિવાલય મંત્રીઓ અધિકારીઓ વિહોણું બનશે.

નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧ ઉમીથી રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો આરંભ કરવામાં આવનાર છે. શાળા પ્રવેશોત્સવનો ગ્રામીણ અને ત્યારબાદ શહેરી વિસ્તારોમાં એમ બે તબક્કામાં હાથ ધરવામાં આવનાર છે.

૧ ઉમી જૂનથી ત્રણ દિવસ માટે ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરાનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની જવાબદારી રાજય મંત્રી મંડળના મંત્રી, ઉચ્ચ સનદી અધિકારીઓ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, આઈ.એફ.એસ. અધિકારીઓ ઉપરાંત વર્ગ-૧ના અધિકારીઓને પણ સોંપવામાં આવી છે.

મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓને રાજયના વિવિધ તાલુકાઓ અને ગામોની ફાળવણી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે કરવામાં આવી હોઈ મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓ આવતીકાલે જિલ્લાના પ્રવાસે જશે.

મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓ શાળા પ્રવેશોત્સવ માટે આવતીકાલથી ચાર દિવસ માટે જિલ્લાના પ્રવાસે જનાર હોઈ સચિવાલયમાં મંત્રી કાર્યાલયો અને વિભાગો મંત્રીઓ અને અધિકારીઓ વિહોણા બની જશે જેના કારણે વિભાગોમાં વહીવટી કામગીરી પર અસર પડશે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ સાથે સચિવાલય કેડરના અધિકારીઓને પણ શાળા પ્રવેશોત્સવની કામગીરી સોંપવામાં આવી હોઈ સચિવાલયના વિભાગોના ઉપસચિવો અને નાયબ સચિવો પણ આવતીકાલથી જિલ્લાના પ્રવાસે જશે.

ગુજરાત પર અપરએર સાયકલોનિક સરક્યુલેશન સર્જાયું : આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં અપરએર સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાતા આગામી ૪૮ કલાક દરમ્યાન સૌરાષ્ટ્ર-કછ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં વેરાવળ પાસે ચોમાસુ બેદિવસ અગાઉ પહોંચ્યું હતું. હવે રાજય પર અપરએર સાયકલોનિકલ સર્ક્યુલેશન સર્જાયું છે. અને આગામી ૪૮ કલાક દરમ્યાન રાજયમાં ચોમાસુ આગળ પહોંચે તેવી સંભાવના પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની મહેર અવિરત રીતે ચાલુ રહેવા પામી છે. આજે ત્રીજા દિવસે પણ સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થયો હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન પોરબંદર જિલ્લામાં પોરબંદર, કુતીયાણામાં આઠ ઈંચ જેટલો ભારે વરસાદ થતાં આ વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

આજે દિવસ દરમ્યાન પણ રાજયના સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો ઉપરાંત કચ્છ અને દક્ષિણ ગુજરાતના પણ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાવાના અહેવાલો સાંપડી રહ્યા છે. રાજયના કેટલાક વિસ્તારોમાં થયેલા ભારે વરસાદને કારણે સક્રિય ચોમાસાનો પ્રારંભ થઈ જવા પામ્યો હોઈ તેવું વાતાવરણ સર્જાયુ હતુ.

સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા સારા વરસાદને કારણે ખેડૂતોએ આ વિસ્તારમાં વાવણી કાર્ય પણ શરૂ કરી દીધુ હોવાનું જાણવા મળે છે.

ગુજરાત પર અપરએર સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાતા આગામી ૪૮ કલાક દરમ્યાન ભારે વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીને પગલે રાજયના પુર નિયંત્રણ કક્ષ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાતંત્રને એલર્ટ રહેવા અને સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરૂ આયોજન કરવા માટે સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે.

એગ્રોટેક યોજાશે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

પશુઓને મુક્ત કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતુ કે સ્વસ્થ સમાજ રચનાનો સંકલ્પ છે અને અમે વોટબેંકની રાજનીતિમાં માનતા નથી એટલે અબોલ પશુની વેદનાને સમજી છે જાણી છે તેથી જ તેમના સ્વાસ્થ્ય માટે એટલી જ ચિંતા કરી છે.

કેન્દ્ર સરકારની ખોખલી નીતિઓ હોવાનો આડકતરો નિર્દેશ કરી તેમણે જમાવ્યું હતુ કે પશુપાલનના વિકાસ માટે જે લક્ષ અપાવવું જોઈએ તે અપાવવામાં આવ્યુ નથી. સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદન પાંચ ટકા વધ્યુ છે તો ગુજરાતમાં તે સાત ટકાના દરે વધ્યુ છે.

શ્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રની ટીકા કરતાં જણાવ્યું હતું કે પીન્ક રિવોલ્યુશનના નામે પશુમાંસનો વેચાણને પ્રોત્સાહન આપતી નીતિ સરકારે તૈયાર કરી છે એટલું જ નહિ ઉત્તરીય રાજયોમાં હવે પશુઓની ચોરીની સમસ્યા ગંભીર સમસ્યા બની ઉભરી છે. કરોડોની સહાય અને સબસીડી આપી સરકાર શુ બતાવવા માંગે છે તે હજુ સમજી શકાયુ નથી.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં અમે એગ્રોટેક પહેલા જાન્યુ. ૨૦૧૪માં યોજનાનું વિચારતા હતા પરંતુ મળેલા પ્રતિભાવો અને ખેડૂતોની અગવડાતોને ધ્યાને લઈ હવે સપ્ટેમ્બર-ઓકટો. દરમ્યાન જ અમે આનુ આયોજન કરવાનું વિચારી રહ્યા છીએ. આ માટે સહઆયોજકો સાથે પરામર્શ ચાલી રહ્યો છે. આ એગ્રોટેકમાં નવી ટેકનોલોજી પર વિચારવિમર્શ કરી પ્રાપ્ય સંપદાનો મહત્વ ઉપીયોગ કઈ રીતે થઈ શકે અને ઉત્પાદન વધુ મળી શકે તે જોવાશે. તેમણે આજની આ કોન્ફરન્સને એક અલાયદી કોન્ફરન્સ લેખાવી હતી.

લોખંડ આપવા અપીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું કે દેશના બધા જ ગામડામાંથી કિસાનોના ખેત-ઓજારોનું જૂનું લોખંડ, આ લોહપુરૂષની વૈશ્વિક સ્મારકના નિર્માણમાં મળે અને કિસાનોનું ભાવાત્મક યોગદાન મળે તેવું અભિયાન તા. ૩૧મી ઓકટોબર-સરદાર પટેલના જન્મ દિવસથી ગજુરાત સરકાર ઉપાડવાની છે. તેમાં સમગ્ર દેસમાંથી કિસાનોનું યોગદાન મળે તેવી ભાવસભર અપીલ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા હશે. આ માટે વિશ્વસ્તરના કન્સલટન્ટની નિમણુંક કરી દેવામાં આવી છે.

આ સ્થળે એક પ્રદર્શન હોલ, સેમિનાર હોલ બનાવવા ઉપરાંત સરદાર સરોવર ડેમને નિહાળી શકાય તેવો વ્યુ પોઈંટ પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત આ સ્થળે સંશોધન માટે અને શિક્ષણનું એક અનન્ય ધામ બને તેવી કલ્પના પણ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દેશના પાંચ લાખ ગામોના ખેડૂતોના લોખંડના ઓજારો ભેગા કરી તેને પિગાળી શિલ્પ નિર્માણમાં વાપરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ સ્વરૂપે આ સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવશે.

મેટ્રોરેલનો પ્રથમ ફેઝ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ડર ગ્રાઉન્ડ હશે. એલીવેટેડ કોરીડોર બાંધવા માટે સરળતા હોવાથી તેના બાંધકામને પ્રાથમિકતા અપાશે. આ પ્રોજેક્ટના ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટને માન્યતા મળ્યા બાદ ખુબ જ ઝડપથી કામને આગળ વધારવામાં આવશે. ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટને રાજય સરકારની માન્યતા મળએ તે પછી કેન્દ્રને મોકલવામાં આવશે. ૨૦૦૩ના વિચારેલી આ યોજનાને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦૦૯ પછી ફાસ્ટ ટ્રેક પર લાવી શક્યા છે અને પ્રોજેક્ટની ઝડપ વધારી છે. ડીઝાઈન કોસ્ટ, દેવાનું ભારણ અને પ્રિ-ઓપરેશન ખર્ચનો સમાવેશ કરી આ પ્રોજેક્ટ ૧૮૦૦ કરોડે પહોંચ્યો છે.

જો ૨૦૧૭માં મેટ્રોરેલને જોડતી જોવી હોય તો પ્રથમ તબક્કામાં બે વર્ષની અંદર જ રૂ. ૬૯૦૦ કરોડની જરૂરીયાત રહેશે. ૨૦૧૩-૧૪ના બજેટમાં ૫૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કેન્દ્ર સરકારના ૨૦૧૩-૧૪ના બજેટમાં ટોકન ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મેટ્રો રેલ પ્રોજેક્ટથી અવરજવર તો સરળ બનશે જ પરંતુ સાથે સાથે અમદાવાદની ટ્રાફિક સમસ્યાને પણ હળવી કરી શકાશે.

ગ્રામસ્વરાજનું ચિંતન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધારેલી પશુઓલાદ માટે તે નિર્ણાયક બની રહેશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પશુધનના પોષણક્ષમ આહાર માટે ઘાસચારા ઉપરાંત પશુદાણની વ્યવસ્થા ઉપર ભાર મુક્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વર્તમાન ભારત સરકાર પશુધનની કત્લેઆમ, માંસ-મટનની નિકાસને પ્રોત્સાહન આપી રહી છે તેનો સીધો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે જે દેશની સાંસ્કૃતિક પરંપરાએ શ્વેતક્રાંતિ અને હરિતક્રાંતિ કરવાનું ગૌરવ મેળવ્યું છે. તે દેશમાં મીટ-મટનની ગુલાબી ક્રાંતિ તરફ દેશને દોરી રહેલાં દિલ્હીના શાસકો પશુપાલન અને કૃષિ આધારિત અર્થતંત્રને વિનાશ તરફ ધકેલી રહ્યા છે. દેશમાં પશુધનના કતલખાના, માંસ-મટનની નિકાસ માટે ટ્રાન્સપોર્ટેશન સબસીડી આપવાની કેન્દ્ર સરકારની નીતિની આકરી આલોચના તેમણે કરી હતી. દેશણાં પશુધનની ચોરી મોટાભાગે પશુઓની કત્લેઆમ કરવાની કેન્દ્રની નીતિઓનું દુર્ભાગ્ય પરિણામ છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતના પશુપાલન, મત્સ્યોદ્યોગ, કૃષિ અને સહકાર મંત્રી શ્રી બાબુભાઈ બોખિરીયાએ ભારતની સૌ પ્રથમ પશુપાલન અને ડેરી વિકાસની આ અખિલ ભારતીય કોન્ફરન્સના શુભારંભે સ્વાગત ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે સર્વાંગી વિકાસ કર્યો છે, એટલું જ નહી, ગુજરાતના સર્વાંગી વિકાસના મોડેલને ચોમેરથી આવકાર મળી રહ્યો છે. ડેરી વિકાસના ક્ષેત્રે સંશોધનો દ્વારા ગુજરાતમાં દૂધ ઉત્પાદનમાં ૭ ટકાની વૃદ્ધિ થઈ છે. જ્યારે ભારતના દૂધ ઉત્પાદનમાં પાંચ ટકાની વૃદ્ધિ છે. ગુજરાતમાં પ્રતિ વર્ષ અખાત્રીજથી કૃષિ મહોત્સવ અને ચોમાસા પછી પશુ આરોગ્ય મેળાઓનું આયોજન થાય છે. એટલું જ નહી, ગુજરાતમાં પશુઓ માટે હોસ્ટેલ બનાવીને તેમની સર્વાંગી સુશ્રૂષા કરાય છે. તેમણે સહુને સકારાત્મક વિચારો અને સર્જનાત્મક સૂચનોથી પરસ્પર જ્ઞાન અને માહિતીની આપ-લે કરવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી વરેશસિંહા, પાણી પુરવઠા વિભાગના અગ્ર સચિવ ડૉ. રાજીવ ગુપ્તા અને પશુપાલન નિયામક તથા સચિવ શ્રી દિનેશ બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પશુપાલન અને ડેરી વિકાસ માટેની અખિલ ભારતીય કક્ષાની આ સૌ પ્રથમ કોન્ફરન્સમાં ડેન્માર્ક, નેધરલેન્ડ, ઈઝરાયલ અને બ્રાઝીલના તજજ્ઞો ઉપરાંત મહારાષ્ટ્રના પાણી પુરવઠા મંત્રી શ્રી લક્ષ્મણરાવ ઢોબલે, છત્તીસગઢના કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી ચંદ્રશેખર શાહુ, ગોવાના રાજય આયોજન પંચના ઉપ્ધાયક્ષ શ્રી ડી.પી. ખોલકર, નેધરલેન્ડના નિષ્ણાંત સુશ્રી જોસેફીન વેરહેગી, ડેન્માર્કના મંત્રી શ્રી એન્ડર્સન એડમ્સન, ભારત સરકારના પેય જળ મંત્રાલયના ડાયરેકટર શ્રી સુજોય મજુમદાર, પશુપાલન અને ડેરી વિભાગના કમિશનર શ્રી ડૉ. અમરજીતસિંઘ નંદા, પંજાબના પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ડેરી વિકાસના ફાયનાન્સિયલ કમિશનર શ્રી ડૉ. જી. વજલીગમ, પંજાબના ડેરી વિકાસ ડાયરેકટર ડૉ. ઈન્દ્રજીતસિંઘ, ઓરિસ્સાના મત્સ્યોદ્યોગ અને પશુપાલન કમિશનર અને સચિવ શ્રી સંજીવકુમાર, પશુપાલન નિયામક શ્રી શ્રીકાન્ત પૃષ્ટિ, ઓરિસ્સા લાઈવ સ્ટોક રિસોર્ટ ડેવલોપમેન્ટ સોસાયટીના સીઈઓ શ્રી ડૉ. સનત મિશ્રા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શબ્દાવલી - ૫૦૮૭



આડી ચાવી

૧. સુશોભન (૪)
૪. મુસ્લિમ રાજા (૩)
૭. આકાશ, નભ (૩)
૮. નવા નહિ તેવા (૨)
૯. બારણાને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૧. મરીયા, મરી (૨)
૧૩. ટપાલ નાખવાનો ડબ્બો (૫)
૧૫. ગુજરાતના... બધે વખણાય (૩)
૧૬. ... બિરબલની વાર્તા બધાને ગમે (૪)
૧૮. મલાઈ, તર (૨)
૨૦. 'ગણવું' શબ્દ આડોઅવળો (૩)
૨૧. રસોઈઓ, ગોર... (૪)
૨૩. મોટું... કરવું, મરી જવું (૪)

ઊભી ચાવી

૧. સંધી (૪)
૨. જંગલ, વન (૩)
૩. એક ટક જોવું, ... જોવું (૬)
૫. મોંથી વગાડાતું એક વાદ્ય (૨)
૬. નકલી, જૂઠું (૪)
૧૦. ગુલમહોરના ફુલ - કળી (૩)
૧૨. પાણીમાં... , પડવું (૪)
૧૪. અંત, છેડો (૨)
૧૬. આગ, અગ્નિ (૩)
૧૭. ... ફુંકવા, ખોટી મોટી વાતો કરવી (૩)
૧૮. હાર... કરવા (૨)
૧૯. તાંબુ (૩)
૨૧. વિચાર, મારો... એ છે કે (૨)
૨૨. સારૂં ગામઠી ભાષામાં (૨)

શબ્દાવલી ૫૦૮૬ના જવાબ

આડી ચાવી :- (૧) ઘરફૂકડી (૪) લાજ (૬) સાજા (૭) ઘડીક (૮) કાતરણ (૧૦) આવરણ (૧૧) નવુ (૧૨) સંપ (૧૪) મશરૂમ (૧૬) સંપ (૧૮) પહાડ (૧૯) રત્નાકર (૨૦) તરતી

ઊભી ચાવી :- (૧) ઘસારો (૨) રજા (૩) કપાતર (૪) લાડી (૫) જકડવુ (૭) ઘણ (૮) કાવતરૂ (૯) રણકો (૧૦) આકાશ (૧૧) નરસંહાર (૧૫) મક્કાર (૧૭) પડતી (૧૮) પત

કંપની સમાચાર

ફ્રેન્ચાઈઝ ઈન્ડિયાનો ૬ રમો નેશનલ ફ્રેન્ચાઈઝ રિટેલ એન્ડ ઓપોરચ્યુનિટી શો અમદાવાદમાં યોજાશે

ફ્રેન્ચાઈઝ ઈન્ડિયાનો ૬ રમો નેશનલ ફ્રેન્ચાઈઝ રિટેલ એન્ડ ઓપોરચ્યુનિટી શો આગામી ૧૫ અને ૧૬ જૂન ૨૦૧૩ના રોજ અમદાવામાં પ્રાઈડ હોટલમાં યોજાઈ રહ્યો છે. આ શોમાં કંપનીઓ, ઉદ્યોગસાહસિકો અને રોકાણકારોને ફ્રેન્ચાઈઝી પાર્ટનગર શોધવાની આકર્ષક તક ઉપલબ્ધ બનશે. આ શોનું આયોજન ફ્રેન્ચાઈઝી ઈન્ડિયા સ્ટેટસ ચેરમેનશ્રી ગૌરવ મૌર્યએ જણાવ્યું હતું કે, વિચારોનાં આદાનપ્રધાનથી તકોની નવી શકયતાઓ ખુલે છે. ફ્રેન્ચાઈઝની રિટેલ અને ઓપોરચ્યુનિટી શો થી અમદાવાદમાં રિટેલરો અને ગ્રાહકોને વૈવિધ્યપૂર્ણ ઉદ્યોગોમાં રોકાણ કે ભાગીદારી માટેની તકો ઉપસ્થિત થશે.

ફ્રેન્ચાઈઝી ઈન્ડિયા, એક્ઝિબિશનમાં સીઈઓ સુશ્રી આશ્ના જી. શરણે જણાવ્યું હતું કે, અમદાવાદમાં એફઆરઓ શો ૨૦૧૩ આયોજીત કરવા અમને ઘણો જ આનંદ થાય છે. આ શોમાં કેપિટાલિસ્ટ, ઈન્વેસ્ટરો વગેરે માટે આકર્ષક તક ઉપસ્થિત થશે.

મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી

નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર
સેકટર નં. ૧૦-એ, રોડ નં.૩, સેંટ ઝેવિયર્સ સ્કૂલની સામે, ગાંધીનગર
ફોન : ૨૩૨૫૪૧૧૦ ફેક્સ નં. : ૨૩૨૫૪૧૩૮

જાહેર હરાજી

ફીયાર પાલીયો કાર વેચવાની છે.

નગર આયોજન અને મુલ્યાંકન ખાતાની કચેરીની ફીયાટ પાલીયો કાર નં. જીજે-૧૮-જી-૧૫૩૦ ને જાહેર હરાજીથી વેચાણ કરવાની છે. રસ ધરાવતી વ્યક્તિઓએ ડીપોઝીટ પેટે રૂ. ૫૦૦/- રોકડા હિસાબી શાખામાં જમા કરાવ્યા બાદ પોતાની ઓફર બંધ કવરમાં તા.૧૮/૬/૨૦૧૩ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં રજૂ કરવાની રહેશે. હરાજી તે જ દિવસે કરવામાં આવશે. ગાડી જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં વેચવાની છે. કચેરીના કામકાજના દિવસો દરમિયાન સોમથી શુક્રવાર સુધીમાં બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાકની વચ્ચે ઉપર જણાવેલ સરનામો જોવા મળશે. વેચાણ આપનારની ઓફર સ્વિકારવાની આખરી સત્તા આ કચેરીના વડાની રહેશે. હરાજીની શરતો ઉપર દર્શાવેલ કચેરીના નોટીસબોર્ડ પર જોવા મળશે.

ગાંધીનગર
તા. /૬/૨૦૧૩
માહિતી/૫૨૦/૧૩-૧૪

સહી/-
મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજય, ગાંધીનગર

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ નં. એસકે/૩ વર્ષ ૨૦૧૩-૧૪

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૨, બ્લોક નં.૯ની નજીક, ન્યુ સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૩૨ દ્વારા નીચેના કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

ક્રમ નં.	કામની વિગત	૧) અંદાજીત રકમ ૨) ઈજારદારશ્રીની શ્રેણી
૧.	સેક્ટર